ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૮ | ૨૯ માર્ચ, ૨૦૨૦, રવિવાર; ચૈત્ર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ગરીબો-શ્રમજીવીઓની વ્યવસ્થા કરવા આદેશ

**બેઘર, મજદુર, અન્યો માટે તમામ વ્યવસ્થા કરવાનો રાજ્યને આદેશ : ૨૧ દિવસના લોકડાઉનના ચોથા દિવસે વિવિધ ભાગોમાં પલાયન જારી : તમામ લોકો માટે ભોજન, રહેવા માટે વ્યવસ્થા અને વસ્ત્રોની વ્યવસ્થા કરવા એસડીઆરએફ ફંડનો ઉપયોગ કરવા તમામ રાજ્યોને કેન્દ્ર સરકારનો આદેશ**

નવી દિલ્હી, તા. ૨૮

કોરોના વાયરસને રોકવા માટે દેશભરમાં ૨૧ દિવસના લોકડાઉનના ચોથા દિવસે પણ દિલ્હી સહિત તમામ મોટા શહેરોથી બીજા રાજ્યોના મજુરો દ્વારા પલાયન જારી રાખવામાં આવતા આને લઈને ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ઘર વગરના થયેલા લોકો, પ્રવાસી મજુરો માટે ભોજન અને રહેવાની વ્યવસ્થા તથા સારવારની વ્યવસ્થા સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (એસડીઆરએફ) મારફતે કરવા તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને કેન્દ્ર સરકારે આજે સ્પષ્ટ સુચના આપી હતી. તમામ શહેરોથી મજુરોની પલાયનની સ્થિતિ વચ્ચે કેન્દ્ર સરકાર તરફથી આજે રાજ્યોને આ મુજબનો આદેશ આપ્યો હતો. કેન્દ્રએ રાજ્યોને કહ્યું છે કે, એસડીઆરએફ ફંડનો ઉપયોગ કરવામાં આવ તે જરૂરી છે. પ્રવાસી મજુરોની રહેવાની વ્યવસ્થા, ખાવાની વ્યવસ્થા, વસ્ત્રોની વ્યવસ્થા આના મારફતે કરવામાં આવે તેવી સુચના આપવામાં આવી છે. લોકડાઉનના ચોથા દિવસે ગૃહ મંત્રાલય દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આ મુજબની સુચના આપી દીધી છે. કેન્દ્ર સરકારે રાજ્યોને આના માટે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ માટે આપવામાં આવેલી રકમનો ઉપયોગ કરવા સુચના આપી છે. આ આદેશને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ગૃહ મંત્રાલય દ્વારા તમામ રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશોને સુચના આપવામાં આવી છે કે લોકડાઉનના પરિણામ સ્વરૂપે ફસાયેલા પ્રવાસીઓ મજુરો સહિત તમામ બેઘર લોકોને જે રાહત કેમ્પમાં છે તેમના માટે તેમના માટે અસ્થાયી વ્યવસ્થા કરવાની જરૂર છે. સરકાર દ્વારા સ્પષ્ટ પણે સુચના આપી દેવામાં આવી છે. ગૃહમંત્રાલયના સંયુક્ત સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તએ કહ્યું છે કે, મંત્રાલય દ્વારા તમામ રાજ્યોને રાહત કેમ્પ બનાવવા સુચના આપી છે. તેમણે કહ્યું છે કે, અમે પ્રવાસી મજુરોના ભોજન અને પાણીની વ્યવસ્થા માટે રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સુચના આપી છે. સ્વૈચ્છિક લોકો એનજીઓ મારફતે જાગૃતિ ફેલાવવાની પણ વાત કરવામાં આવી છે. બીજી બાજુ ગૃહમંત્રી અમિત શાહે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ આઠ રાજ્યો માટે વધારાના ૫૫૫૧ કરોડ રૂપિયા મંજુર કરી દીધા છે. આ રાજ્ય ૨૦૧૯ દરમિયાન પુર, ભેખડો ધસી પડવાની ઘટના, તોફાનની સમસ્યાનો સામનો કરી ચુક્યા છે. લોકડાઉનના પરિણામ સ્વરૂપે પરિવહનના સાધનો બંધ છે. બીજા રાજ્યોમાંથી રોજીરોટી માટે અન્ય શહેરોમાં ગયેલા મજુરો અને અસંગઠિત ક્ષેત્રના મજદુરોને એવી ચિંતા સતાવી રહી છે કે, લોકડાઉન દરમિયાન કઈ રીતે તે રહી શકશે. કારણ કે તેમની રોજગારી જતી રહી છે. ભુખમરાના ડરથી મોટી સંખ્યામાં મજદુરો જુદી જુદી જગ્યાથી શહેરોમાંથી ચાલતા જ પોતાના ઘર માટે નીકળી ચુકયા છે. આ પ્રકારની જટીલ સ્થિતિ સર્જાઈ છે.





## યોગીએ ૧૦૦૦ બસની વ્યવસ્થા કરી

લખનૌ, તા. ૨૮

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બીજા રાજ્યોથી પરત ફરી રહેલા ઉત્તર પ્રદેશ અને બિહારના લોકો માટે રાતોરાત એક હજાર બસની વ્યવસ્થા કરીને તેમને પોતોના નિર્ધારિત સ્થળ પર પહોંચાડી દીધા છે. આ લોકોને તેમના ઘર સુધી પહોંચાડવા માટે યોગી આદિત્યનાથે શુક્રવારે આખી રાત જાગીને વ્યવસ્થા કરી હતી.

લોકડાઉનનો હેતુ સામાજિક અંતર રાખવાની ખાતરી કરવા માટે કરાયો છે. કોરોના વાયરસનો ફેલાવો વધુ ન થાય તે હેતુસર લોકડાઉની સ્થિતિ કરાઈ છે. પલાયન કરી રહેલા મજદુરો સામે એકબાજુ કોરોના સામે જંગ છે અને બીજી બાજુ ભુખની સામે જંગ છે. મુશ્કેલમાં મુકાયેલ લોકો માટે તમામ રાજ્ય સરકારો દ્વારા હેલ્પ લાઈન નંબરો જારી કરાયા છે. આના પર માહિતી મેળવી શકાય છે.

## વતન પરત ફરતા લોકો માટે વ્યવસ્થાની સુચના

લોકડાઉનની વચ્ચે લોકોની આવક અને કામ બંધ થઈ જવાના કારણે આવક બંધ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં લોકો પરિવહનની સુવિધા ન મળવાની સ્થિતિમાં ચાલતા જ પોતાના વતન જવા રવાના થઈ ગયા છે. આ લોકોને ભોજન માટેની સમસ્યા નડી રહી છે. બીજી બાજુ નિતિન ગડકરીએ બીજા રાજ્યોમાં પરત ફરી રહેલા લોકો માટે ખાવા પીવાની વ્યવસ્થાના આદેશ જારી કર્યા છે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે મુશ્કેલીઓ નડી રહી છે. કોરોના વાયરસના પરિણામ સ્વરૂપે લોકડાઉનની સ્થિતિ વચ્ચે ટ્રેનો અને બસ પણ બંધ છે. ગડકરીએ કહ્યું છે કે, એનએચએઆઈના ચેરમેન અને હાઈવેના ટોલ ઓપરેટર્સને સુચના આપવામાં આવી છે. બીજા રાજ્યોમાં પરત જઈ રહેલા નાગરિકો અને મજદુરો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવે પીવા માટે પાણી અને ભોજનનીની વ્યવસ્થા અતિ જરૂરી બની ગઈ છે. આને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. કોરાના વાયરસના પરિણામ સ્વરૂપે હાલમાં હાલત કફોડી બનેલી છે. લોકો વધુ મુશ્કેલીમાં મુકાયા છે. ઉત્તર પ્રદેશ અને અન્ય રાજ્યોના લોકો વધુ અટવાયા છે.

## વતન તરફની દોડથી લોકડાઉન નિષ્ફળ રહેશે : નિતિશ કુમાર

બિહારના મુખ્યમંત્રી નિતિશ કુમારનું માનવુ છે કે, લોકડાઉનની વચ્ચે લોકોને તેમના વતન રાજ્યોમાં મોકલવાની બાબત યોગ્ય નથી. તેમણે કહ્યું છે કે, આનાથી કોરોના વાયરસનો ખતરો અનેક ગણો વધી જશે. કોરોના વાયરસના ખતરાને ધ્યાનમાં લઈને હાલમાં દેશભરમાં ત્રણ સપ્તાહ માટે લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હોવા છતાં કેટલાક રાજ્યોથી લોકો પોત પોતાના વતન જવા માટે ચાલતા નકળી પડ્યા છે. પલાયન કરી રહેલા લોકો માટે ઉત્તર પ્રદેશ અને દિલ્હી સરકારે બસની વ્યવસ્થા કરી છે. નિતિશ કુમાર આ પ્રકારની વ્યવસ્થાને યોગ્ય ગણતા નથી. તેમણે કહ્યું છે કે, લોકોને તેમના ઘર સુધી પહોંચાડવાની આ સમગ્ર કવાયત લોકડાઉનના ઉદેશ્યને ખતમ કરી દેશે. આગામી થોડા દિવસમાં આ વાયરસ આવી સ્થિતિને લીધે વધી ઝડપથી ફેલાઈ જશે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, લોકોને ઘરે મોકલવાના બદલે સારી બાબતએ રહેશે કે લોકલ સ્તર પર કેમ્પ લગાવવામાં આવે. રાજ્ય સરકાર તે કેમ્પનો ખર્ચો ઉઠાવશે.

## અમેરિકામાં સ્થિતી વધુ બેકાબુ બની

નવી દિલ્હી, તા. ૨૮

કોરાના વાયરસના કારણે હવે અમેરિકામાં સ્થિતી સૌથી ખરાબ થઈ રહી છે. અમેરિકામાં હવે કોરોના વાયરસની સંખ્યા દુનિયાભરમાં સૌથી વધારે થઈ ગઈ છે. અમેરિકમાં કેસોની સંખ્યા વધીને ૧૦૪૨૦૫ સુધી પહોંચી ગઈ છે. અમેરિકામાં ૨૪૯૪ લોકો હજુ ગંભીર હાલતમાં છે. જેથી મોતનો આંકડો વધે તેવી શક્યતા છે. અમેરિકામાં સૌથી વધારે સ્થિતી કેટલાક શહેરોની છે. જેમાં ન્યુયોર્ક પણ સામેલ છે. કોરોના વાયરસની ખતરનાક સ્થિતિ વચ્ચે અમેરિકાની પોલ ખુલી ગઈ છે. મહાશક્તિ હોવાનો દાવો કરનાર અમેરિકા કોરોના વાયરસને રોકવામાં સંપૂર્ણપણે ફલોપ છે. કેસોની સંખ્યા ચીન અને ઈટાલી કરતા પણ વધુ થઈ ગયા છે. સ્થિતિ એ છે કે, હજુ કેસો વધી રહ્યા છે. ૩૩ કરોડની વસ્તી ધરાવતા અમેરિકામાં બેદરકારી સ્પષ્ટપણે દેખાઈ આવી છે.

# વિશ્વના ૧૯૯ દેશોમાં ૬ લાખથી વધુ કેસ

**કોરોનાથી દુનિયાભરમાં મોતનો આંક વધીને ૨૭૩૬૫ થયો : ઇટાલીમાં ૯૧૩૪, સ્પેનમાં ૫૧૩૮, અમેરિકામાં ૧૭૦૧, ફ્રાન્સમાં ૧૯૯૫ લોકોના મોત : અસરગ્રસ્ત દેશોની સહાય માટે ૧૭૪ મિલિયન ડોલર ઘોષિત**

નવી દિલ્હી,તા. ૨૮

ચીનના વુહાન શહેરથી શરૂ થયેલા ખતરનાક અને જીવલેણ કોરોના વાયરસનો કહેર દુનિયાના ૧૯૯ દેશોમાં જારી છે. આના કારણે હજુ સુધી ૨૭૩૪૩ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૫૯૭૨૬૭ કેસો નોંધાયેલા છે. હજારોની સંખ્યામાં દર્દી દરેક દેશોમાં હજુ ગંભીર હાલતમાં છે. આવી સ્થિતીમાં કોરોના વાયરસ હજુ હાહાકાર જારી રાખે તેવી શક્યતા છે. કોરોના વાયરસનો શિકાર થયા બાદ સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા ૧૩૩૩૬૩ સુધી પહોંચી ગઈ છે. ઈટાલીમાં ૯૧૩૫, સ્પેનમાં ૫૧૩૮ અને ફ્રાન્સમાં ૧૯૯૫ લોકોના મોત થઈ ચુક્યા છે. અમેરિકાએ કોરોના વાયરસથી પ્રભાવિત ૬૪ દેશોને મદદ કરવા માટે ૧૭૪ મિલિયન ડોલરના મહાકાય પેકેજની જાહેરાત કરી છે. આ હેઠળ ભારતને આશરે ૨.૯ મિલિયન ડોલર અથવા તો ૨૧.૭ કરોડ રૂપિયા મળનાર છે. ઈટાલી, સ્પેન અને ફ્રાન્સમાં ૧૬૨૬૭ લોકોના મોત થયા છે. જે કોરોના વાયરસના કારણે થયેલા મોત પૈકી ૬૦ ટકાની આસપાસ છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી. માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઈ રહ્યા છે.વધુને વધુ દેશો તેના વિકરાળ સકંજામાં આવી રહ્યા છે. ઈટાલીમાં કાળો કેર જારી છે.





● અનુસંધાન પાના - ૭ પર

## કોરોના સામે લડવા અમેરિકાની ભારતને ૨૯ લાખ ડોલરની સહાય

વોશિંગ્ટન, તા.૨૮

કોરોના વાઈરસ સામેની લડાઈ: અમેરિકાએ ભારત માટે ૨૯ લાખ ડોલરની નાણાકીય સહાય જાહેર કરી. અન્ય દેશોને ૧૭ કરોડ ૪૦ ડોલરની સહાયતા કરશે.

ભયાનક કોરોના વાઈરસ સામે લડવા માટે અમેરિકાએ દુનિયાના ઘણા દેશોને પોતાના તરફથી નાણાકીય સહાય જાહેર કરી છે. ભારતને એ ૨૯ લાખ ડોલરની સહાય કરશે.

કુલ ૬૪ દેશો માટે અમેરિકાએ ૧૭ કરોડ ૪૦ લાખ ડોલરની સહાયતા જાહેર કરી છે. અમેરિકાએ ગયા ફેબ્રુઆરીએ જાહેર કરેલી ૧૦ કરોડ ડોલરની સહાયતાની ઉપરાંતની આ સહાયતા છે. જે દેશો કોરોના વાઈરસ રોગચાળાના સૌથી વધારે જોખમમાં મૂકાઈ ગયા છે ખાસ એમને માટે આ ભંડોળ છે.

## ડોર્નિયર વિમાનથી પૂણે લવાયા ૬૦ ટેસ્ટિંગ સેમ્પલ

ભારતીય નૌસેના, શુક્રવાર રાતે ડોર્નિયર વિમાનથી કોરોના વાયરસ ટેસ્ટિંગ માટે ૬૦ સેમ્પલ લઈને પૂણે પહોંચી છે. આને INS હંસા એર સ્ટેશન(ગોવા) થી લાવવામાં આવ્યા છે. ગોવા સ્વાસ્થ્ય વિભાગ પોતે આને લઈને પૂણે પહોંચ્યા હતા.


જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર

હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે:૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧

સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation



# દેશમાં ૯૧૮ પોઝિટિવ કેસ

**૨૪ કલાકમાં ૨૧ના મોત : કેરલમાં વાયરસથી પ્રથમ મોત, સૌથી વધુ પોઝિટિવ કેસો મહારાષ્ટ્રમાં ૧૮૦ : રેલ્વેએ ટ્રેનના ડબ્બાને જ આઇસોલેશન કોચના રૂપમાં ફેરવવાનું શરૂ કર્યુ : કેરળમાં એક જ દિવસમાં સૌથી વધુ ૩૯ કેસ નોંધાયા**

ન્યુ દિલ્હી, તા.૨૮

દેશમાં નોવલ કોરોના વાયરસથી કેરળમાં સૌપ્રથમ મૃત્યુ થયું છે. કેરળના ૬૯ વર્ષના વૃદ્ધે કોરોના વાયરસને પગલે દમ તોડ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ અત્યાર સુધીમાં દેશમાં કોરોના સંક્રમિત લોકોનો આંકડો ૯૦૦ થયો છે. મહારાષ્ટ્રમાં કુલ ૧૮૦ દર્દીઓ કોરોના પોઝિટિવ છે જે દેશમાં તમામ રાજ્યોની તુલનાએ સૌથી વધુ છે.

રેલવેએ ટ્રેનના ડબ્બાને જ આઈસોલેશન કોચના રૂપમાં બદલવાનું શરૂ કરી દીધું છે. જેમાં ૬ બર્થ વાળા ભાગમાંથી એક બાજુમાંથી મિડિલ બર્થ અને સામે વાળા ત્રણેય બર્થ કાઢી દેવાયા છે. આના એક ભાગમાં એક દર્દીને રાખવામાં આવશે. આનાથી દરેક દર્દી વચ્ચે પૂરતું અંતર રહેશે. સીડીઓ પમ હટાવી દેવાઈ છે અને બાથરૂમ વાળા ભાગમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.





કેરળમાં થયેલા મોતને પગલે કોરોનાથી મૃત્યુઆંક ૨૦ પર પહોંચી ગયો છે. કોરોના વાયરસના કારણે કેરલમાં એક દિવસમાં ૩૯ કેસ સામે આવ્યા છે. જેમાં કાસરગોડ જિલ્લામાં ૩૪ નવા કેસ આવ્યા છે. જ્યારે ત્રિસુર અને કોઝિકુડમાં એક એક જયારે કાસરગોડમાં ૨ નવા મામલા સામે આવ્યા છે. આમ આવી રીતે રાજ્યમાં કોરોના પીડિતની સંખ્યા ૧૬૪ થઈ છે. જે વચ્ચે રાજ્યમાં કોરોના દર્દીનું પ્રથમ મૃત્યુ થયુ છે. ઉલ્લેખનીય છે કે, કેરલ રાજ્યમાં ૧ લાખથી પણ વધારે લોકોને પોતાના ઘરમાં ક્વારન્ટાઈન કરાઈ રહ્યા છે. જે વચ્ચે આજે એક વ્યક્તિનું મોત થતા સરકારની ચિંતામાં વધારો થયો છે.

મહારાષ્ટ્રમાં પાંચ, ગુજરાતમાં ત્રણ, કર્ણાટકમાં બે, મધ્ય પ્રદેશમાંબે સહિત તમિલનાડુ, બિહાર, પંજાબ, દિલ્હી, પશ્ચિમ બંગાળ, જમ્મુ અને કાશ્મીર તેમજ હિમાચલ પ્રદેશમાં એક-એક દર્દીના મોત થયા છે. સરકારી ડેટા મુજબ દેશમાં સક્રિય કોરોના કેસનો આંક ૯૦૦ પર પહોંચી ગયો છે. ૭૮ લોકોનું નિદાન થયું છે અથવા તેમને રજા અપાઈ છે તેમજ એક કેસ સ્થળાંતરિત થયો છે. ૯૦૦ કેસમાં ૪૭ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર બાદ કેરળ ૧૭૩ કોરોના કેસ સાથે બીજું સૌથી વધુ પ્રભાવિત રાજ્ય છે. જ્યાં આઠ વિદેશી નાગરિકોને કોરોના હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું.

● અનુસંધાન પાના - ૭ પર


પરદેશ પાર્સલ

USA, UK, AUSTRALIA, SOUTH AFRICA, CANADA

CANADA & AUSTRALIA Special Rate

M: +91 99250 88777

મોટા મંદિર તથા હીચકાના કાર્ગો માટે ખાસ રૂબરૂ મુલાકાત લેશો

HEMANT PATEL (Director)
SPEEDAIR FREIGHT SOLUTIONS PVT. LTD

SPEEDAIR Freight Solutions

T : +91 79 40306349

Free Packing

GF: 4/5/6, Ashoka Chamber, Opp. HCG Hospital OPD Department, Nr. HCG (Old Medisurge) Hospital, Mithakhali Six Road, Ellisbridge, A'bad.
E : info@speedairglobal.com W: www.speedairglobal.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225